ગાંધીનગર સમાચાર

રેપો, રીવર્સ રેપો રેટ યથાવત

પોલીસી સમીક્ષામાં સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે રાખવાનો નિર્ણય કરાયો : બજાર તેમજ ઉદ્યોગજગતની ધારણા મુજબ આરબીઆઇ દ્વારા ચાવીરૂપ રેટ યથાવત રાખવા નિર્ણય : લોન સસ્તી થશે તેમ માનનારની આશા ઉપર પાણી

મુંબઈ, તા.૭

આરબીઆઈની વર્તમાન નાણાંકીય વર્ષની તેની પ્રથમ નાણાંકીય નિતી સમીક્ષા આજે અનેક પ્રકારની અપેક્ષા અને આશા વચ્ચે રજૂ કરવામાં આવી હતી. જો કે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને પોલીસી સમીક્ષામાં ચાવીરૂપ રેટ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. જેમાં રેપો રેટને ૭.૫૦ ટકા, રીવર્સ રેપો રેટને ૬.૫૦ ટકા અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ કહ્યું હતું કે ફુગાવો પાચ ટકાની આસપાસ રહી શકે છે. જાન્યુઆરી ૨૦૧૬ સુધી ફુગાવાને છ ટકાથી નીચે લાવવા માટેનુ ટાર્ગેટ રાખવામાં આવ્યું છે. મોટા ભાગના જાણકાર લોકો પહેલાથી જ કહી રહ્યા હતા કે આ વખતે આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજન પોલીસી રેપો રેટને યથાવત ૭.૫૦ ટકાના દરે જાળવી રાખશે. નાણાં પ્રધાન અરૂણ જેટલીએ ફેબ્રુઆરી મહિનામાં જ સંપૂર્ણ બજેટ રજૂ કર્યા બાદ પ્રથમ પોલીસી સમીક્ષા જારી કરવામાં આવી હતી. જેમાં ચાવીરૂપ રેટ યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. વર્તમાન નાણાંકીય વર્ષની તેની પ્રથમ દ્વિમાસિક નીતી સમીક્ષા પર તમામની નજર કેન્દ્રિત પહેલાથી જ કેન્દ્રિત થઇ ગઇ હતી. છેલ્લી પોલીસી સમીક્ષા ત્રીજી ફેબ્રુઆરીના દિવસે જારી કરવામાં આવી હતી. બે વર્ષ સુધી કઠોર વલણ બાદ આ વર્ષે રેટમાં કાપની શરૂઆત આરબીઆઈએ કરી હતી. ત્રીજી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને તમામ આર્થિક નિષ્ણાંતો અને બેંકરોની ગણતરીની ઉંધી વાળી દઈને વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. તમામ ચાવીરૂપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. જેમાં રેપો રેટને

૭.૫૦ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. સીઆરઆરને યથાવત ૪ ટકી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી પહેલા ૧૫મી જાન્યુઆરીના દિવસે નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરાઈ હતી. જેમાં રેપોરેટમાં ઘટાડો કરીને તમામને રઘુરામ રાજને ચોંકાવી દીધા હતા.

છેલ્લા ૨૦ મહિના સુધી નાણાંકીય મોરચે કઠોર વલણ અપનાવ્યા બાદ ગયા મહિને જ આરબીઆઈએ તમામને ચોંકાવી દઈને પોલિસી રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.પરંતુ ત્યારબાદ ફેબ્રુઆરીમાં રેપો રેટને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આજે રેટ યથાવત રાખવામાં આવતા લોન સસ્તી થશે તેવી ગણતરી કરી રહેલા લોકોની આશા પર પાણી ફરી વળ્યું હતુ. જો કે જાણકાર નિષ્ણાંતો કહી રહ્યા છે કે આજે આરબીઆઇ દ્વારા રેટમાં કોઇ કાપ મુકવામાં આવ્યો નથી પરંતુ જુનના અંત સુધીમાં તેમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

મોટાભાગના પોલમાં જણાવાયું છે કે, આરબીઆઈ મે અથવા જુનમાં રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. આ વર્ષના છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં ઘટાડાનો દોર હાથ ધરાયો છે. કેસ રિઝર્વ રેસિયો ૨૦૧૩ની શરૂઆત બાદથી ૪ ટકાના દરે જાળવી રાખવામાં આવ્યો છે આને પણ જુન ૨૦૧૬ સુધી યથાવત રખાય તેવી શકયતા છે. આરબીઆઈએ પોલિસી જાહેરાત કરતા કહ્યું હતું કે, સીપીઆઈ ફુગાવો માર્ચ ૨૦૧૬ માટે ૬ ટકાનો અંદાજવામાં આવ્યો છે જ્યારે માર્ચ ૨૦૧૮ માટે ૪.૫ ટકા અંદાજવામાં આવ્યો છે.

પોલિસીની સાથે સાથે

- રિઝર્વ બેંકે તમામ પોલિસી રેટ યથાવત રાખી નિરાશ કર્યા
- હોમ અને ઓટો લોન લોકોને સસ્તી મળી શકે છે. કારણ કે, ઓછા ધિરાણદરે બેંકોને સુવિધા આપવા સૂચના અપાઈ છે
- આર્થિક સ્થિતિ દેશમાં ઝડપથી સુધરી રહી છે
- સીપીઆઈ ફુગાવો માર્ચ ૨૦૧૬માં ૬ ટકા રહી શકે છે
- માર્ચ ૨૦૧૮માં સીપીઆઈ ફુગાવો ૪.૫ ટકા રહી શકે છે
- રેટમાં કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી જેથી બેંકો પણ સાવધાન છે
- આ કેલેન્ડર વર્ષમાં જાન્યુઆરી બાદથી રેપોરેટમાં બે વખત ૫૦ બેઝિક પોઇન્ટ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે
- લિક્વિડીટીની સ્થિતિ સારી રહી છે
- મે-જૂનમાં વ્યાજદરમાં ઘટાડો થઇ શકે છે
- આરબીઆઈની પોલિસીને લઈને બજારમાં નિરાશા રહી
- ધારણા પ્રમાણે જ તમામ ચાવીરુપ રેટ યથાવત રહ્યા
- સેંસેક્સમાં ૧૨ પોઇન્ટનો નજીવો સુધારો નોંધાયો
- મોટાભાગના બજાર ભાગીદરો કેશ રિઝર્વ રેસિયોમાં કાપની અપેક્ષા રાખી રહ્યા હતા
- રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત રહેતા સસ્તી લોનની આશા પર પાણી ફરી વળ્યું
- ફુગાવાના ટાર્ગેટે હાસલ કરવામાં સફળતા મળશે

સ્પેક્ટ્રમ વેચાણ બાદ ટુંકમાં જ કોલ રેટમાં વધારો ઝીંકાશે

નવી દિલ્હી,તા. ૭

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા(ટ્રાય) માનેછેકેટેલિકોમ કંપનીઓના સ્પેક્ટ્રમ ખર્ચમાં ૧૨-૧૫ ટકાનો વધારો થઈ શકે છે. જેની સીધી અસર મોબાઈલ યુજર્સ પર થશે. સરકાર નક્કરપણે માને છે કે સ્પેક્ટ્રમ હરાજી થયા બાદ કોલ રેટ્સમાં પ્રતિ મિનિટ ૧.૩ પૈસાનો વધારો થઈ શકે છે. ટ્રાય અલગરીતે ગણતરી કરે છે. સંસ્થાના ચેરમેન રાહુલ ખુલ્લરે કહ્યુંછે કે ટેલિકોમ કંપનીઓ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકોઅથવા તોયુજર્સપર કોઈને કોઈ રીતે મુકી દેશે. બોજ પ્રતિ મિનિટ છથી સાત પૈસા સુધીનો હોઈ શકે છે. સ્પેક્ટ્રમ હરાજીની પ્રક્રિયા ૨૫મીમાર્ચના દિવસે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ ખુલ્લરે પ્રથમ વખત મિડિયા સાથે વાતચીત કરી છે. તેમણે કહ્યુંછે કે કોલ રેટ્સમાં વધારો થઈ શકેછે. તેમનુ નિવેદન સરકારના નિવેદન કરતા અલગ છે. સરકારે કહ્યુંહતુંકેસ્પેક્ટ્રમ હરાજી બાદ કોલ રેટ્સમાં મહત્તમ ૧.૩પૈસા સુધીનો વધારો થઈ શકે છે. જીએસએમની ઈન્ડસ્ટ્રીઝની લોબીએ કહ્યુંછે કે હરાજી બાદ ઈન્ડસ્ટ્રીઝ પર બોજ વદીને ૩૫૦૦૦૦ થઈ જશે.

ઘઉં પ્રાપ્તિના નિયમોને હળવા કરવા સોનિયા ગાંધીની માંગ

નવીદિલ્હી,તા. ૭

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પત્ર લખીને કમોસમી વરસાદ અને બરફના કરા પડ્યા બાદ દેશના ઘણા ભાગોમાં પાકને થયેલા નુકસાનની સમીક્ષા કરીને પુરતી મદદ કરવાની

વિનંતી કરી છે. સોનિયા ગાંધીએ ગ્રાહક બાબતો અને જાહેર વિતરણ પ્રધાન રામવિલાસ પાસવાનને પત્ર લખીને ઘઉંની પ્રાપ્તિ માટેના ધારાધોરણોને હળવા કરવાની માંગણી કરી છે. સોનિયા ગાંધીએ પત્રમાં કહ્યું છે કે, ઘઉંની પ્રાપ્તિ માટે માર્ગદર્શિકામાં હળવું વલણ અપનાવવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારને આ અંગેની રજૂઆત સોનિયા ગાંધીએ અગાઉ પણ કરી છે. ઘઉંની પ્રાપ્તિ માટે ભેજના ઘટકના સંદર્ભમાં રાહતો આપવાની માંગણી કરવામાં આવી છે. ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના પ્રવર્તમાન નિયમોમાં ઉલ્લેખ કરાયો છે કે જો રવિ ઘઉંના પાકમાં ભેજનું પ્રમાણ ૧૪ ટકાથી વધારે રહે છે તો સરકાર આ પ્રકારના ઘઉંની પ્રાપ્તિને ફગાવી દે છે. વધુમાં ડિસ્કાઉન્ટ ૧૨-૧૪ ટકાની આસપાસ જોવા મળે છે. સોનિયા ગાંધીએ કહ્યું છે કે, સામાન્ય સંજોગોમાં આવા ચોક્કસ નિયમોને જાળવી રાખવામાં આવે તેમાં ખોટુ નથી પરંતુ છેલ્લા થોડાક સપ્તાહમાં કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ઉભા પાકને ભારે નુકસાન થયું છે.

સોનિયા ગાંધીએ કહ્યું છે કે, હાલની પરિસ્થિતિને જોતા ધારાધોરણોને સસ્પેન્સ રાખવામાં આવે તે જરૂરી છે. સોનિયા ગાંધીએ પત્રમાં અન્ય ઘણા મુદ્દાઓ ઉઠાવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કમોસમી વરસાદ થયા બાદ સોનિયા ગાંધીએ હાલમાં જ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ તથા રાજસ્થાનની મુલાકાત લઈને ખેડૂતોની સાથે વાતચીત કરી હતી અને તેમના અભિપ્રાય જાણ્યા હતા. સાથે સાથે ખેડૂતોને પુરતી મદદ અપાવવાની વાત પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જુદા જુદા રાજ્યો દ્વારા પાકને થયેલા નુકસાનને લઈને સમીક્ષા કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ હાલમાં કબૂલાત કરી હતી કે, કમોસમી વરસાદથી પાકને નુકસાન થયું છે.

અરૂણાચલ : યુદ્ધવિરામ ભંગ ચલાવી નહીં લેવાય

ઈટાનગર, તા.૭

ગૃહરાજ્યમંત્રી કિરણ રિજ્જુએ આજે માહિતી આપતા કહ્યુંહતુંકે, ઉત્તર પૂર્વમાં બળવાખોર સંગઠનો હજુ પણ સક્રિય છે પરંતુ આ સક્રિય સંગઠનોને કોઈપણ રાહત આપવામાંઆવશેનહીં. કેન્દ્ર સરકાર યુદ્ધવિરામના ભંગને કોઈપણરીતે ચલાવી લેશે નહીં. તેમણે કહ્યુંહતુંકે, જો કોઈ સંગઠન યુદ્ધવિરામનો ભંગ કરે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. કોઈપણ સંગઠન યુદ્ધવિરામ ભંગ કરીને તેની ગતિવિધિને ચલાવી શકે નહીં. હાલમાં જ અરુણાચલ પ્રદેશના તિરાપ જિલ્લામાં આર્મી કાફલા ઉપર છુપો હુમલો કરવામાં આવ્યો હતો. બીજી એપ્રિલના દિવસે કરવામાં આવેલા આ હુમલામાં ત્રણ જવાનોના મોત થયા હતા. એનએસસીએન જૂથના લોકો અરુણાચલ પ્રદેશમાં સક્રિય રહી શકે નહીં. તેમની કામગીરીને યુદ્ધવિરામ ભંગ તરીકે ગણવામાં આવશે. આ સંગઠનના લોકો તિરાપમાં છુપો હુમલો કરીને મ્યાનમારમાં ફરાર થઈ ગયા હતા. જ્યાં સુધી યુદ્ધવિરામનો ભંગ થશે અને બળવાખોરો શરણાગતિ સ્વીકારશે નહીં ત્યાં સુધી વાતચીત શક્ય રહેશે નહીં.

આંધ્રપ્રદેશ : અથડામણમાં ૨૦ ચંદનચોર ઠાર મરાયા

તિરુપતિ,તા. ૭

આંધ્રપ્રદેશમાં તિરુપતિમાં

પોલીસ સાથેની અથડામણમાં ૨૦ ચંદનચોરને ઠાર મારી દેવામાં આવ્યા છે. આ બનાવથી સનસનાટી મચી ગઈ છે. તમિળનાડુના રાજકારણમાં આ બનાવથી રાજકીય ગરમી આવી ગઈ છે. તમિળનાડુમાં રાજકીય પક્ષોએ આંધ્રપ્રદેશ પોલીસ દ્વારા ૧૨ તમિળ સહિત ૨૦ શખ્સોની હત્યાને લઈને આઘાત વ્યક્ત કર્યો છે. ચંદનચોરી મામલે તેમને ઠાર કરાયા હોવાની વિગત પ્રાપ્ત થઈ છે. મળેલી માહિતી મુજબ આંધ્રપ્રદેશ પોલીસે ચિત્તુરમાં ચંદનની તસ્કરી અંગે માહિતી મળી હતી. ત્યારબાદ તસ્કરોને પકડી પડવા માટે ઓપરેશન હાથ ધરાયું હતું. આના ભાગરુપે આંધ્રપ્રદેશ પોલીસે વન્ય વિભાગની ટીમ સાથે ઓપરેશન હાથ ધર્યું હતું. આ ગાળા દરમિયાન પોલીસ અને ચંદનચોર વચ્ચે ગોળીબારની જોરદાર રમઝટ જામી હતી. જેમાં ૨૦ તસ્કરો માર્યા ગયા છે. બીજી બાજુ તમિળનાડુમાં આને લઈને રાજનીતિ શરૂ થઈ ગઈ છે. એક નિવેદનમાં ડીએમકેના વડા કરુણાનિધિએ કહ્યું છે કે, ૨૦ લોકોની હત્યા ખુબ જ દુખદ બાબત છે. આંધ્ર અને તમિળનાડુ સરકાર આના માટે જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બંને રાજ્ય સરકારો ચંદનની દાણચોરીના મામલે નિષ્ફળ રહી છે. આજકારણસર આ પ્રકારના બનાવો બનતા રહ્યા છે. ૨૦ લોકોની હત્યાને અમાનવીય અને વખોડવા પાત્ર ગણાવીને ડીએમકેના વડા રામદોશે કહ્યું છે કે, જવાબદાર આંધ્રપ્રદેશના જવાનો સામે પગલા લેવામાં આવશે. તેમની સામે કઠોર પગલા લેવાની રજૂઆત પણ કરવામાં આવી છે. રામદોસે સુપ્રીમ કોર્ટના વર્તમાન જજ મારફતે મામલામાં તપાસની માંગણી કરી છે. આંધ્રપ્રદેશ સરકારે માર્યા ગયેલા લોકોના નજીકના સગાસંબંધીઓને ૨૫ ૨૫ લાખ રૂપિયાનું વળતર પણ ચુકવવું જોઈએ. કોંગ્રેસે પણ આ બનાવને વખોડી કાઢીને કેટલાક પ્રશ્નો ઉઠાવ્યા છે.

આઈપીએલ-૮ની આજથી રોચક શરૂઆત

કોલકત્તા,તા.૭

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮ની આવતીકાલે રોમાંચક અને દિલધડક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮નો પ્રથમ તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે. તમામ ટીમો જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે.આઈપીએલ-૮માં પણ વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. વર્લ્ડ કપની પૂર્ણાહુતિ થયા બાદ હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત ૮મી એપ્રિલથી થશે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ૧૨મી એપ્રિલથી ૨૫મી એપ્રિલ દરમિયાન મ્યુનિસિપલ ચુંટણી હોવાથી કોલકત્તામાં કોઈપણ મેચ રમાનાર નથી.આ વખતે વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયાની ટીમના અને રનર્સ અપ રહેલી ન્યુઝીલેન્ડની ટીમના પણ સ્ટાર ખેલાડી જોવામાં આવશે. વિરાટ કોહલીના નેતૃત્વમાં બેંગ્લોરની ટીમ સૌથી મજબૂત દેખાઈ રહી છે. આમા બેટિંગ પાવર હાઉસની સ્થિતિ છે જેમાં ક્રિસ ગેઈલ, વિરાટ કોહલી, ડિવિલિયર્સ જેવા બેટ્સમેન છે જે દર્શાવે છે કે આ ટીમ તમામને ભારે પડશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૮માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે. અગાઉની સિઝન ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળે છે કે, દરેક સિઝનમાં ગુજરાતના કોઈ ખેલાડીએ ભવ્ય દેખાવ કર્યો છે. ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, પાર્થિવ પટેલ, વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર જેવા બેટ્સમેનો માટે આ શ્રેણી ખુબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. આ તમામ ખેલાડીઓને પસંદગીકારોનુ ધ્યાન દોરવાની તક રહેલી છે. વિરેન્દ્ર સહેવાગ કિંગ્સ ઈલેવન પંજાબમાંથ રમનાર છે. ગુજરાતના જે ૧૨ ખેલાડી રમાનાર છે જેમાં ઈરફાન, યુસુફ, પાર્થિવ પટેલ સિવાય જયદેવ ઉનડકટ, અક્ષર પટેલ, ચેતેશ્વર પુજારાનો સમાવેશ થાય છે. અક્ષર પટેલ રણજી ટ્રોફીમાં ખુબ સારો દેખાવ કરી ચુક્યો છે. અમદાવાદનો સજપ્રિત બુમરાહ, વડોદરાનો અંબાતી રાયડુ પણ રમનાર છે. હર્ષલ પટેલ જ રમનાર છે. આ વખતે કુલ આઠ ટીમો મેદાનમાં ઉતરી રહી છે.

આજે વિશ્વ સ્વાસ્થ્ય દિવસે ભુવનેશ્વર ખાતે આયોજિત મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત એક મહિલા સ્વાસ્થ્ય કર્મચારી બાળકને પોલિયોના ટીપા પીવડાવી રહી છે. ભારતમાંથી પોલિયોને દેશવટો આપવાના નિર્ધાર સાથે આરોગ્યતંત્રએ કમર કસી છે. થોડાક સમય પહેલા જ વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતને 'પોલિયો મુકત રાષ્ટ્ર' ઘોષિત કર્યું છે. આમ છતાં સરકારે આ બિમારીને સ્હેજ પણ હળવાશથી નહીં લેવાનો નિર્ણય કરેલો છે. દેશના ભવિષ્યને પાંગળુ બનાવેતા આ રોગ પર વિજય મેળવવા તંત્રએ કટિબધ્ધતા સાથે કમર કસી છે.

જમ્મુ-શ્રીનગર રાજમાર્ગને ખોલી દેવાતા આખરે રાહત

જમ્મુ,તા. ૭

જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને આજે એકતરફી રીતે ખોલી દેવામાં આવતા આંશિક રાહત થઈ છે. સતત પાંચ દિવસ સુધી હાલમાં બંધ રાખવામાં આવ્યા બાદ હવે રાજમાર્ગને ખોલી દેવામાં આવતા સ્થિતિ હળવી બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજ્યમાં કમોસમી વરસાદ, ભેખડો ધસી પડવાના બનાવ અને હવામાનની સ્થિતિ ખરાબ હોવાના લીધે રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી હતી. ગઈકાલે પણ સ્થિતિ હળવી કરવાના પ્રયાસો કરાયા હતા. ૩૦૦ કિલોમીટર લાંબા રાજમાર્ગને એક તરફથી ખોલી દેવામાં આવતા યાત્રી વાહનો અને મોટા વાહનો હવે ધીમીગતિએ આગળ વધી રહ્યા છે. ટ્રાફિકની સ્થિતિ હળવી બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાલમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ભેખડો ધસી પડવાના બનાવો બન્યા હતા જેના પરિણામ સ્વરુપે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને ટ્રાફિક માટે બંધ રાખવામાં આવ્યો હતો. રાજમાર્ગને બંધ કરાતા ૧૦૦૦થી વધુ કાશ્મીર જતા યાત્રીઓ અટવાઈ પડ્યા હતા. સત્તાવાળાઓએ જમ્મુથી શ્રીનગર જવા કોઈને પણ મંજુરી આપી ન હતી.

સાવચેતીના પગલારુપે રાજમાર્ગને બંધ રાખવામાં આવ્યો હતો. હાઈવે પર ખુબ જ ખરાબ હાલત સર્જાઈ હતી. રાજમાર્ગ ઉપર ત્રણથી ચાર જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા હતા. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના અધિકારીઓ અને કર્મચારીઓ સેવામાં લાગેલા હતા. કાટમાળને દૂર કરવા અને ભેખડોને ખસેડવાના પ્રયાસોમાં સફળતા મળતા હવે માર્ગને ખુલ્લો કરવામાં આવ્યો છે.

ચૂંટણી પૂર્વે જ બિહારને એક લાખ કરોડનુ પેકેજ અપાશે

નવી દિલ્હી,તા. ૭

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે ભાજપે બિહાર વિધાનસભાની ચૂંટણી પર તમામ ધ્યાન કેન્દ્રિત કરી દીધુ છે. બિહારમાં સત્તા કબજે કરવા માટે ભાજપે આકર્ષક નિતી તૈયાર કરી લીધી છે. આ પ્રયાસના ભાગરૂપે કેન્દ્રમાં મોદી સરકારે બિહારને એક લાખ કરોડના પેકેજ આપવાની તૈયારી કરી લીધી છે. સુત્રોએ કહ્યું છે કે આ પેકેજમાં કેન્દ્ર સરકારના ખર્ચથી રાજ્યને કેટલાક નવા પ્રોજેક્ટોની ભેંટ મળી શકે છે. આ મામલે નાણાં પ્રધાન અરૂણ જેટલી અને કેટલાક પ્રધાનો વચ્ચે વાતચીત થઈ ચુકી છે. જેટલીએ કેન્દ્રમાં રહેલા બિહારના પ્રધાનો સાથે પણ વાતચીત કરી લીધી છે. કેન્દ્રના આ પ્લાનમાં ચાર હજાર મેગાવોટના એલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ, બરૌનીમાં ઓઈલ રિફાઈનરીના વિસ્તરણ, આ જ જગ્યાએ એક ખાતર પ્લાન્ટને ફરી શરૂ કરવા અને મોકામાહમાં ગંગા પર એક નવા રેલવે બ્રિજના નિર્માણનો સમાવેશ થાય છે. કેન્દ્રનુ મુખ્ય ધ્યાન ગ્રામીણ વિસ્તારોમાં માર્ગો અને હાઈવે પ્રોજેક્ટો પર રહેશે. ત્યારે ખાનગી સેક્ટરની ભાગીદારી મારફતે પણ કેટલાક નવા ફુડપાર્કસની ભેટ આપવાનો રહેશે.આની સાથે સાથે લાભ મેળવી રહેલા જાહેર ક્ષેત્રના ઓઈલ,પાવર અને માઈનિંગ કંપનીઓ પાસેથી નાણાં મેળવી લેવામાં આવશે. જે હેઠળ રાજ્યમાં સ્કુલ અને ટોઈલેટ્સના નિર્માણની બાબતનો સમાવેશ થાય છે. બિહારનુ આ પેકેજ એવા સમય પર મળનાર છે જ્યારે રાજ્યના મુખ્યપ્રધાન નિતિશ કુમાર, આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ અને સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ જનતા પાર્ટીને ફરી સજીવન કરવાના પ્રયાસોમાં લાગેલા છે. દેશમાં છ મોટા પક્ષો ભેંગા થઈને એકપાર્ટીની રચનાના પ્રયાસ અંતિમ તબક્કામાં છે.નિતીશ કુમારે હાલમાં મોદી સાથે પણ વાતચીત કરી હતી.

સમાચાર ઝલક

- કમોસમી વરસાદથી ફક્ત ઘઉંના પાકને રૂ.૭૦૦૦ કરોડનું નુકશાન.
- ચારધામ યાત્રા માટે ગુજરાતી યાત્રાળુઓનો ધસારો. ૧૦૦૦૦ યાત્રાળુઓનું એડવાન્સ બુકીંગ.
- અમદાવાદમાં ચિંતાજનક રીતે વધી રહેલા ઝાડા ઉલ્ટીના કેસ.
- બારડોલી નજીક પરીક્ષા તૈયારીમાં વિક્ષેપ પાડતાં પિતાની પુત્ર દ્વારા કરપીણ હત્યા.
- ઉદેપુરમાં રેવ પાર્ટીમાં પકડાયેલા અમદાવાદના સૌથી વધુ વ્યક્તિઓ.
- મુસ્લીમ કાયદા પ્રમાણે ૧૬ વર્ષની કિશોરી સગીર ગણાય નહિ-ગુજરાત હાઈકોર્ટ.
- રેલવેના ટિકિટ ચેકર પાસેથી ટ્રેનની રિઝર્વ્ડ ટિકિટ મળશે.
- મુંબઈના થાણેમાં એરકન્ડીશન ઘોડાગાડી દોડે છે.
- રોજ એક કલાક ટીવી જોવાથી ડાયાબીટીસનું જોખમ વધે છે.
- શ્રીનગરમાં એશિયાના સૌથી મોટા ટ્યુલીપ ગાર્ડનમાં ૬૦થી વધુ જાતના ૧૫ લાખ ફુલો મઘમઘે છે.
- જાપાનના ૧૦૦ વર્ષના દાદીએ ૧૫૦૦ મીટર સ્વીમીંગ સ્પર્ધા જીતી.

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

ભૂત જયારે પણ આવું કંઈ જૂએ ત્યારે તેને જલન થતી અને અફસોસ થતાં તેના માટે ત્યાં રહેવું મુશ્કેલ બની જતું. ભૂત તરત ખેતરના રસ્તે આવેલ પીપળા તરફ ભાગ્યો અને તેની ઊંચી ડાળે ઊંધો લટકી ઊંઘવા લાગ્યો.

બીજે દિવસે બિલાડીની નસીબે જાણે કે છીંકું ટુટ્યું. વહેલી સવારે પટેલ કોઈ કામ માટે બીજે ગામ જવા નીકળ્યો. મોડેથી પટલાણી લૂઘડાના પોટલામાં રોટલા બાંધી ઘર બંધ કરી પટલાણી એકલી ખેતરે પહોંચી. આ જોઈ ભૂત તો રાજીના રેડ થઈ ગયો. પટલાણીના એક કાનમાં ઝુમ્મર લટકેલ હતું. બીજા કાનને તેણે ઓઢણીથી એવી રીતે ઢાંક્યો હતો. કે જોનાર તે તેમાં બીજું ઝુમ્મર નથી એવી ખબર જ ન પડે. ભૂત અસંમજસમાં પડી ગયો. તેને તાત્કાલિક કંઈ સૂઝ્યું નહીં. પછી ધ્યાન પડ્યું કે માંડ મોકો મળ્યો છે. સમય ગુમાવ્યા વિના મોકાનો લાભ ઉઠાવવો જોઈએ. પટલાણી ચાલીને આવેલી હતી. ખેતરને શેઢે બેસીને થાક ખાતી હતી. ત્યારે જુની રંગ ઉડેલી પાઘડી, ઘસાઈ ગયેલ અંગરખુ અને ધોતીયું પહેરેલ એક માણસ તેની સામે પ્રગટ થયો. અચાનક આવેલા અજાણ્યા માણસને જોઈ પટલાણી આશ્ચર્યમાં પડી ગઈ, પણ પછી વિચાર્યું કે કોઈ વટેમાર્ગુ હશે. રસ્તો ભૂલી ગયો હશે. ચહેરેથી ભલો માણસ લાગે છે. થાકેલો પણ છે. પટલાણીએ કંઈ પણ પુછ્યા વિના પોતાની તાંસળી તેની સામે ધરી અને બોલી 'લો આ રાબ પીઓ, થાક ઉતરી જશે. પછી આગળ જજો.'

આટલી જલ્દી, આટલી આસાનીથી પટલાણી તેના પર મહેરબાન થઈ જશે અને તેને ન્યાલ કરી દેશે એવું તો ભૂતે વિચાર્યું પણ નહોતું. તેના હૃદયના ધબકારા વધી ગયા. તેનાથી કંઈ બોલી શકાયું નહીં. પટલાણીના હાથમાંતી તાંસળી લઈ એકશ્વાસે રાબ પી ગયો. તેને રાબ ખીર કરતાંય મીઠી લાગી. પછી બોલ્યો, 'તમે કહેતાં હો તો હું જરા વાર અહીં બેસું.' જવાબની રાહ જોયા વિના ભૂત પલાઠી વાળીને પટલાણીની પાસે બેસી ગયો. પટલાણીએ પોતાની ઓઢણીનો છેડો જરા સરખો કર્યો એન તને સમેટતાં થોડું અંતર રાખ્યું.

(ક્રમશઃ)